# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/061 Dt. 22/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા પબ્લીક એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ફંડના રોકાણ માટે મહારાષ્ટ્રની રાહે ગુજરાતમાં પણ નિયમોમાં છૂટછાટ બાબતે ચેરીટી કમિશનરને રજૂઆત કરાઇ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજરોજ ગુજરાત રાજ્યના ચેરીટી કમિશનર શ્રી આર.વી. વ્યાસને પબ્લીક એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના વધુ કાર્યક્ષમ સંચાલન માટે તેના ફંડમાંથી ૫૦% સુધીની રકમનું રોકાણ માટે અગાઉથી મંજૂરી લેવાની જરૂરિયાતને દૂર કરી તેમાં છૂટછાટ આપવાની લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર દ્વારા રાજ્યના ચેરીટી કમિશનર શ્રી આર.વી. વ્યાસને કરાયેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, તા. ૧૬ નવેમ્બર ૨૦૨૨ના પરિપત્ર નં. ૨૭/૨૦૨૨ દ્વારા ટ્રસ્ટના સરપ્લસ ફંડને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે પહેલેથી જ સુવિધા આપવામાં આવી છે, પરંતુ તેમાં ચેરીટી કમિશનરની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત છે. જ્યારે મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં ૨૧ જુલાઇ ૨૦૨૫ના રોજ પરિપત્ર નં. ૬૧૯ દ્વારા આ પ્રક્રિયામાં સરળતા લાવી છે અને હવે મહારાષ્ટ્રના ટ્રસ્ટીઓને ટ્રસ્ટના ફંડમાંથી ૫૦% સુધીની રકમ ગર્વમેન્ટ સિકયુરીટીઝ, સેબી દ્વારા નિયંત્રિત ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડની યુનિટ્સ, ઇન્ફ્રાસ્ટ્રકર સંબંધિત લિસ્ટેડ ડેબ્ટ સિકયુરિટીઝ, એવી કંપનીના શેર જે માન્ય સ્ટોક એકસચેન્જ પર લિસ્ટેડ હોય અને એનું ઓછામાં ઓછું માર્કેટ કેપિટલાઈઝેશન રૂપિયા ૫૦૦ કરોડ હોય, સેબી દ્વારા નિયમિત કરાયેલા મ્યુચ્યુઅલ ફંડની યુનિટસ અને સેબી દ્વારા નિયમિત એવા એકસચેન્જ પર ટ્રેડ થતા ફંડ્સ અથવા ઇન્ડેકસ ફંડ્સમાં રોકાણ કરવા માટે પૂર્વ મંજૂરીની જરૂર રહી નથી, આથી ચેમ્બરે આ પ્રકારનો નીતિગત સુધારો ગુજરાતમાં પણ લાવવાની માંગ સાથે ચેરીટી કમિશનરને અનુરોધ કર્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં મહારાષ્ટ્ર સરકારની જેમ ઉપરોકત પ્રકારના નિર્ણયો લેવામાં આવશે તો ગુજરાતના ટ્રસ્ટો નાણાકીય બજારમાં ઝડપી અને યોગ્ય નિર્ણય લઇ શકશે, ટ્રસ્ટના નાણાંનો વધુ સાર્થક ઉપયોગ થઇ શકશે, કાર્યક્ષમ અને નિષ્ઠાવાન ટ્રસ્ટીઓને અકારણ વિલંબથી મુક્તિ મળશે અને આવી વ્યવસ્થા સંપૂર્ણ પારદર્શકતા સાથે પોસ્ટ–ઇન્વેસ્ટમેન્ટ રિપોર્ટિંગ દ્વારા નિભાવી શકાશે જેવા લાભો થશે.

ઉપરોકત સંદર્ભે સઘન ચર્ચા વિચારણા કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શનિવાર, તા. ૨૬ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના તમામ પબ્લીક એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ સાથે તેઓની વિવિધ મુશ્કેલીઓના સમાધાન હેતુ એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.